મહે.સુરતના એડિશનલ સીવીલ જજ અને જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,

ક્રિમીનલ કેસ નંબર - ૩૪૭૦૪/૨૦૨૨

આંક - ૪

ફરીયાદી - શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી - વિનોદકુમાર રામજીભાઇ જયસ્વાલ

ગુનો - ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબ

-- **ચુ કા દો** --

૧. ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબ પોતાના કબ્જામાં આવેલા વાહનને જાહેર રસ્તા ઉપર પાર્ક કરી વાહન ચાલકોને તથા રાહદારીઓને અડચણ થાય તે રીતે ઉભી રાખેલ તેથી આરોપી વિરુધ્ધ ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબનું ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરેલ છે.

૨. આરોપી આ કામે ગુના કબુલાત પુરશીશ આપેલ છે, જેમા તેઓએ જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. તેઓ કુટુમ્બ કબીલાવાળા માણસ છે.તેઓ કોર્ટ આગળ દયાની માંગણી કરે છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાથી ગુનાની કબુલાત કરે છે કે કેમ તેની ખાત્રી કરવામાં આવેલ છે.જેથી ઉપરોક્ત સંજોગો જોતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-- **હુકમ** --

આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ - ૨૫૨ અન્વયે ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામા તકસીરવાન ઠરાવી તેઓને સદર ગુનામા રુપીયા ૧૦૦/- (અંકે રુપીયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન - ૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી
અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સુરત.
તા- ૧૨.૧૧.૨૦૨૨

(શ્રીમતી મનિષા વાય. સ્વામી)
એડિશનલ સીવીલ જજ અને
જ્યુ.મે.ફ.ક.સુરત
યુનિક આઇ.ડી.નં.જી.જે.૦૧૨૩૨